SALE DEED

જીલ્લે અમદાવાદ તાલુકે ઘાટલોડિયાના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે થલતેજની સીમમાં આવેલ મીલકતનો એલોટમેન્ટનો દસ્તાવેજ રૂા.

અંકે રૂપિયા પુરાનો.....

લખાવી લેનાર	.
એકતરફવાળા	ઉંમર આશરે વર્ષ- , જાતે હિન્દુ, રહેવાસી-
	.
	(P.A.No.
	(Aadhaar No.
	જેમને આ લેખમાં તમો અગર લખાવી લેનાર અગર એકતરફવાળા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.
લખી આપનાર	**વિશ્રાંતી એસોસીએશન.**
બીજીતરફવાળા	(Form No. 60)
	જે ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ અન્વયે તારીખ-૨૪/૪/૧૯૮૭ ના રોજ અનુક્રમ નં-એન.ટી.સી.જી.૧૫૦૨ થી રજીસ્ટર્ડ થયેલ એસોસીએશન છે તેની વતી અને તરફથી તેના.
ચેરમેન :-	**ધ્રુવકુમાર ચંદ્રકાંતભાઈ દરજી,** ઉં.આ.વ.-૩૯.
	(Aadhaar No. 4220 8526 0587)
સેક્રેટરી :-	**સુધાબેન જગમોહન ભટ્ટ,** ઉં.આ.વ.-૬૮.
	(Aadhaar No. 4956 3545 7641)
	બંને જાતે હિન્દુ, ઠેકાણુ-વિશ્રાંતી, ભાઈકાકાનગર સોસાયટી, થલતેજ, અમદાવાદ.

જેમને આ લેખમાં અમો અગર લખી આપનાર અગર બીજીતરફવાળા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં બીજીતરફવાળા-એસોસીએશનનો તથા તેના હાલના તેમજ વખતો વખતના ચેરમેન, સેક્રેટરી, કમિટી સભ્યોનો તથા તેઓના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થઈ જાય છે.

કન્ફરમીંગપાર્ટી ત્રીજીતરફવાળા **વાસુપૂજય ઈન્ફ્રા, એ નામની ભાગીદારી પેઢી.**

(P.A.No. AATFV 6605 P)

તેની વતી તેના વહીવટકર્તા ભાગીદાર-

સમીપ સુરેશભાઈ શાહ, ઉંમર આશરે વર્ષ-૪૨, જાતે જૈન, ઠેકાણુ-૧૦૬, દ્વારકેશ, ૪૧, સરદાર પટેલ નગર, હોટલ કલાસીક ગોલ્ડ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

(Aadhaar No. 9351 4799 4456)

જેમને આ લેખમાં કન્ફરમીંગપાર્ટી અગર ત્રીજીતરફવાળા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં વાસુપૂજય ઈન્ફ્રા, એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો-વખતના ભાગીદારો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

૧.. જત જીલ્લે અમદાવાદ તાલુકે ઘાટલોડિયાના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે થલતેજની સીમના ગામ નમુના નંબર-૭/૧૨ ના ઉતારા મુજબ રેવન્યુ સર્વે નંબર-૮ પૈકી ૧૨, ચોરસમીટર-૫૦૨ વાળી મીલકત કે જેનો ખાતા નંબર-૯૫૬ ચાલે છે અને સદર મીલકતનો થલતેજ ટી.પી. સ્કીમ નંબર-૩૮ ની રૂઈએ ફાઈનલ પ્લોટ નંબર-૨૦, ચોરસમીટર-૪૮૪ ફાળવવામાં આવેલ છે તેવી જમીન બીજીતરફવાળા-વિશ્રાંતી એસોસીએશન એસોસીએશનની સ્વતંત્ર માલીકીપણાની આવેલી છે અને સદર જમીન થલતેજ, ભાઈકાકાનગર સોસાયટીમાં આવેલ છે અને સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ થાય છે અને સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારની યાદીમાં જણાવેલ વિસ્તારથી પાંચસો મીટરની ત્રિજયામાં સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો સમાવેશ થતો નથી.

૨.. વિશ્રાંતી એસોસીએશન તે ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ અન્વયે તારીખ-૨૪/૪/૧૯૮૭ ના રોજ અનુક્રમ નંબર-એન.ટી.સી.જી.૧૫૦૨ થી રજીસ્ટર્ડ થયેલ એસોસીએશન છે (જેને હવે પછી આ લેખમાં “મજકુર એસોસીએશન” એ રીતે સંબોધવામાં આવશે).

૩.. ભાઈકાકાનગર કો.ઓ.હા.સો.લી. તે ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટીઝ એકટ અન્વયે તારીખ-૬/૯/૧૯૬૫ ના રોજ અનુક્રમ નંબર-ઘ-૧૫૭૧ થી રજીસ્ટર થયેલ સહકારી ગૃહમંડળી છે (જેને હવે પછી આ લેખમાં “મજકુર સોસાયટી” એ રીતે સંબોધવામાં આવશે).

૪.. મોજે થલતેજના રેવન્યુ સર્વે નંબર-૮ તથા અન્ય જમીન અંગે બીનખેતીની પરવાનગી સક્ષમ અધિકારીએ તારીખ-૭/૨/૧૯૬૬ ના રોજ નંબર-એલ.એન.ડી. એન.એ.એસ.આર.-૯૪ થી આપેલ અને સદર જમીનનો બીનખેતીનો ઉપયોગ કરવામાં આવેલ અને સદર જુના રેવન્યુ સર્વે નંબર-૮ તથા અન્ય જમીનો મજકુર સોસાયટીએ વેચાણ રાખેલ અને મામલતદારશ્રી, દસક્રોઈ તાલુકાના તારીખ-૩/૧૧/૧૯૬૬ ના રોજના હુકમથી સદર જુના સર્વે નંબરોની જમીનનો એક જ રેવન્યુ સર્વે નંબર-૮ ફાળવવામાં આવેલ જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તા-૩/૧૧/૧૯૬૬ ના રોજ એન્ટ્રી નંબર-૩૨૯૬ થી પાડવામાં આવેલ અને ત્યારબાદ મજકુર સોસાયટીએ સદર જમીનમાં રસ્તા, માર્જીન વિગેરે રાખી જુદા જુદા સબપ્લોટો પડાવેલા જે અંગેનો લે-આઉટ પ્લાન તાલુકા વિકાસ અધિકારી, દસક્રોઈનાએ તેઓના તારીખ-૩૧/૩/૧૯૬૭ ના રોજના હુકમ નંબર-૩૨૦ થી મંજુર કરેલા.

૫.. સદર પ્લોટ નંબર-૧૨, સમચોરસવાર-૬૦૦ ની જમીન તથા સદર સર્વે નંબરની જમીનમાં મુકવામાં આવેલ રસ્તાની જમીનમાં જુના વેચાણ દસ્તાવેજો મુજબ વગર વહેંચાયેલ હકક હીસ્સાની જમીનનો માલીકી હકક એ રીતેની મીલકત ભાઈકાકાનગર કો.ઓ.હા.સો.લી. ની પાસેથી રંજનબેન તે નટવરલાલ ચતુરદાસ શાહની દીકરી તારીખ-૧૬/૧૧/૧૯૬૮ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૨૦/૫/૧૯૭૪ ના રોજ એન્ટ્રી નંબર-૪૦૬૭ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ અને મજકુર રંજનબેન તે નટવરલાલ ચતુરદાસ શાહની દીકરી

તારીખ-૮/૧૦/૧૯૮૩ ના રોજ અપરણિત ગુજરી ગયેલા તેમજ તેમના પિતા-નટવરલાલ ચતુરદાસ શાહ તારીખ-૨૫/૧૧/૧૯૮૩ ના રોજ ગુજરી ગયેલા અને મજકુર રંજનબેન તે નટવરલાલ ચતુરદાસ શાહની દીકરીના વારસમાં હયાત વારસદાર તરીકે તેમના ભાઈઓ-દિલીપકુમાર નટવરલાલ શાહ, ભરતભાઈ નટવરલાલ શાહ અને મંજુલાબેન નટવરલાલ શાહ એમ ત્રણેય વ્યક્તિ હતા આથી સદર પ્લોટ નંબર-૧૨ ની જમીન અંગે સરકારી રેકર્ડમાંથી ગુજરનાર રંજનબેન તે નટવરલાલ ચતુરદાસ શાહની દીકરીનુ નામ કમી કરવામાં આવેલ અને વારસાઈ હક્કથી તેઓના ઉપરોકત ત્રણ વારસદારના નામ દાખલ કરવામાં આવેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૨૧/૨/૧૯૮૪ ના રોજ એન્ટ્રી નંબર-૫૯૬૩ થી પાડવામાં આવેલ.

૬.. ત્યારબાદ સદર પ્લોટ નંબર-૧૨, સમચોરસવાર-૬૦૦ ની પ્લીન્થ સુધીના બાંધકામવાળી મીલકત તથા વગર વહેંચાયેલ હકક હીસ્સાની જમીનનો માલીકી હકક એ રીતેની મીલકત મજકુર દિલીપકુમાર નટવરલાલ શાહ, ભરતભાઈ નટવરલાલ શાહ અને મંજુલાબેન નટવરલાલ શાહ એમ ત્રણેયની પાસેથી મે.ફ્રેન્ડઝ કન્સ્ટ્રકશન કાું., એ નામની ભાગીદારી પેઢીએ તારીખ-૧૨/૭/૧૯૮૪ ના રોજ અમદાવાદના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૦૬૭૪ થી રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૭/૪/૧૯૮૫ ના રોજ એન્ટ્રી નંબર-૬૦૪૨ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ.

૭.. ત્યારબાદ સદર પ્લોટ નંબર-૧૨, સમચોરસવાર-૬૦૦ ની પ્લીન્થ સુધીના બાંધકામવાળી મીલકત તથા વગર વહેંચાયેલ હકક હીસ્સાની જમીનનો માલીકી હકક એ રીતેની મીલકત મજકુર મે.ફ્રેન્ડઝ કન્સ્ટ્રકશન કું., એ નામની ભાગીદારી પેઢીની વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર-માનવેન્દ્ર લક્ષ્મીપ્રસાદ પટેલની પાસેથી મજકુર એસોસીએશને પોતાના સભાસદો માટે તારીખ-૧૭/૯/૧૯૮૭ ના રોજ અમદાવાદના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૪૩૮૮ થી રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તા-૧૧/૧૧/૧૯૮૭ ના રોજ એન્ટ્રી નંબર-૬૨૭૧ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ અને મજકુર એસોસીએશને સદર જમીનમાં સીડી, પેસેજ વિગેરે રાખી "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાતા ફલેટોનુ બાંધકામ કરાવેલ, જે અંગેના પ્લાન ઔડાએ તારીખ-૩/૨/૧૯૮૬ ના રોજ ક્રમાંક-પી.આર.એમ./ ૪૩૨૭/૧૭૨૦ થી મંજુર કરેલા.

૮.. ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં અગાઉ બાંધવામાં આવેલ નવ ફલેટોનુ બાંધકામ અલગ અલગ વ્યક્તિઓ મજકુર એસોસીએશનના કાયદેસરના સભ્ય તરીકે માલીકી હકકે ધારણ કરતા આવેલ જયારે સદર જમીનમાં તેવા અલગ અલગ નવ ફલેટ હોલ્ડરોનો મજકુર એસોસીએશનના સભાસદ તરીકે હકક હીસ્સો પોષાતો આવેલ.

૯.. મજકુર એસોસીએશનના દરેક સભાસદોએ પોતાના સભ્યપદના ફલેટનુ

જુનુ બાંધકામ તોડી નાંખીને સદર જમીનમાં નવેસરથી રહેઠાણના ફ્લેટનુ બાંધકામ કરી આપવા અંગેનુ કામ યોગ્ય વ્યક્તિને સોંપવા અને અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના પ્રવર્તમાન બાયલોઝ તથા નીતી નિયમો મુજબ વધારાનુ જે કાંઈ બાંધકામ મળે તે બાંધકામના એફ.એસ.આઈ. ના હક્કો તેવી વ્યક્તિને સભ્યપદ હકકથી સોંપવા બાબતમાં દરેક સભ્યોએ કરેલ નિર્ણયની સાથે મજકુર એસોસીએશન પણ સંમત થયેલ અને ત્યારબાદ ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાંનુ જુનુ બાંધકામ દુર કરવા તથા અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના વર્તમાન બાયલોઝ મુજબ પાયામાંથી નવેસરથી રહેઠાણના કુલ-૧૪ ફલેટોનુ બાંધકામ સંપૂર્ણ કરીને જુના નવ સભાસદોને તેઓના ફલેટનો કબજો પરત સોંપવા અને વધારાના તમામ ફલેટો અંગે કોઈપણ વ્યક્તિને બીજીતરફવાળા-એસોસીએશનના સભાસદ તરીકે દાખલ કરીને ટ્રાન્સફર કરવા અંગે બીજીતરફવાળા-એસોસીએશન તથા એસોસીએશનના તમામ સભાસદોએ ભેગા મળીને બીજીતરફવાળા-એસોસીએશનની માલીકીની તમામ જમીન તથા જુના નવ ફલેટોનો ખાલી અને પ્રત્યક્ષ કબજો ત્રીજીતરફવાળાને સોંપેલ અને આ અંગે જરૂરી ડેવલોપમેન્ટ કરાર બીજીતરફવાળા-એસોસીએશન તથા તેના તમામ સભાસદો અને ત્રીજીતરફવાળા વચ્ચે તારીખ-૧/૩/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ જે લેખ તે જ તારીખે અમદાવાદ-૯ બોપલ વિભાગના મે.સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૦૨૧ થી નોંધવામાં આવેલ અને ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં ફલેટોનુ બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને તારીખ-૨૧/૨/૨૦૨૩ ના રોજ કેસ નંબર-બીએલએનટીએસ/એનડબલ્યુઝેડ/૨૨૧૨૨૨/સીજીડીસીઆરવી/એ૬૮૦૨/આર૦/ એમ૧ અને રજાચિઠ્ઠી નંબર-૦૭૫૦૨/૨૨૧૨૨૨/એ૬૮૦૨/આર૦/એમ૧ થી

મંજુર કરેલ છે અને તે રૂઈએ ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં ત્રીજીતરફ વાળાએ પોતાના ખર્ચે મંજુર થયેલ પ્લાન મુજબ ગ્રાઉન્ડ ફલોર (હોલો પ્લીન્થ) માં પાર્કીંગ તથા તે ઉપર ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર, થર્ડ ફલોર, ફોર્થ ફલોર, ફીફથ ફલોર, સીકસ્થ ફલોર અને સેવન્થ ફલોરમાં થઈને કુલ-૧૪ ફલેટોનુ બાંધકામ શરૂ કરેલ અને સદર યોજના અંગેના પ્લાન આર્કીટેક/એન્જીનીયર-મિહીર પટેલે તૈયાર કરેલ અને સદર યોજના "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાય છે અને સદર યોજના અંગે જરૂરી બી.યુ.પરમીશન અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાંથી ત્રીજીતરફવાળાએ પોતાની જવાબદારીથી તા-૩૧/૩/૨૦૨૫ સુધીમાં મેળવી આપવાની રહેશે.

૧૦.. બીજીતરફવાળા-એસોસીએશનના જુના નવ સભાસદોના ફલેટ સિવાયના વધારાના ફલેટસ અમો ત્રીજીતરફવાળા પોતાના કબજે રાખીને અમો ત્રીજીતરફવાળા પોતાની ઈચ્છા મુજબ ટ્રાન્સફર કરવા હકદાર હોવાથી સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" યોજનામાં આવેલ પીલર ઉપરનો ...... ફલોરનો ફલેટ નંબર-......, ચોરસમીટર-૧૦૬-૬૨ ફલેટનો રેરા કાર્પેટ એરીયા અને ચોરસમીટર-૮-૩૪ બાલ્કની તથા વોશ એરીયાનુ બાંધકામ તથા ઉપર પેરા-૧ મા જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૧૪ મા ભાગનો હકક હીસ્સો એ રીતેની મીલકત અંગે બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ ભેગા મળીને તમો એકતરફવાળાની તરફેણમાં એક બાનાખત તારીખ- / /૨૦૨૩ ના રોજ કરી આપેલ અને તે બાનાખત તે જ તારીખે અમદાવાદ-૯ (બોપલ વિભાગ) સબરજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નંબર- થી નોંધવામાં આવેલ તે

બાનાખતની રૂઈએ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો આ દસ્તાવેજ તમો એકતરફવાળાને કરી આપીએ છીએ.

૧૧.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ પીલર ઉપરનો ...... ફલોરનો ફલેટ નંબર-...... વાળી મીલકત તેની અંદરના તમામ બાંધકામ સહીતની, નળ ગટર સહીતની, ઈલેકટ્રીક ફીટીંગ ચાલુ વપરાશ સાથેની, ઈલેકટ્રીક સર્વિસના હકકો સહીતની, અસલ હદ હકકો મુજબની તથા ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૧૪ મા ભાગનો બેનીફીશીયલ માલીક તરીકેના હકક હિતો સહીતની તથા મજકુર એસોસીએશનના શેરોના હકક સહીતની, મજકુર એસોસીએશનના સભાસદ તરીકે તેના નીતીનિયમોનુ પાલન કરવાની જવાબદારી સહીતની તથા સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે આ દસ્તાવેજમાં જણાવેલ તમામ હકકો સહીતની તથા જવાબદારીઓનુ પાલન કરવાની શરત સહીતની સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત તમો એકતરફ વાળાને કુલ રૂા......   અંકે રૂપિયા
પુરા નીચેની વિગતે લઈને આ લેખથી એલોટ કરેલ છે.

૧૧.૧.કબજો લેવા માટેની કાર્યવાહી :-

ત્રીજીતરફવાળાએ અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાં તારીખ-૩૧/૩/૨૦૨૫ સુધીમાં મજકુર યોજના અંગે વપરાશ અંગેનુ પ્રમાણપત્ર મેળવી લેવાનુ રહેશે અને ત્રીજીતરફવાળા અમદાવાદ મ્યુ.કોર્પોરેશન પાસેથી મજકુર યોજનાનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવે ત્યારબાદ ત્રીજીતરફવાળાએ એકતરફવાળાને

મજકુર યુનીટનો કબજો, ૧૫ દિવસના સમયગાળામાં મેળવી લેવા માટેની લેખીત નોટીસ આપવાની રહેશે.

૧૧.૨.. એકતરફવાળાનાને કબજો સુપ્રત કર્યાના ૫ (પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન મજકુર યુનીટમાં અથવા બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી, એકતરફવાળાના, ત્રીજીતરફવાળાના ધ્યાને લાવે અને તે ખામી એકતરફ વાળાનાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો ત્રીજીતરફવાળાનાએ શક્ય હોય ત્યાં સુધી આવી ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શક્ય ન હોય તો, એકતરફવાળાના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ લેખમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે. પરંતુ આવી ખામીઓ માટે ત્રીજીતરફ વાળાનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામીઓ માટેનું કારણ ત્રીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય, અથવા આવી ખામી એકતરફ વાળાનાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય, તો તેવી કોઈપણ માળખાગત ખામી કારીગરી, સેવાની જોગવાઈઓ અંગેની ગુણવત્તા, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા એકતરફવાળાના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો, ત્રીજીતરફવાળાના એકતરફવાળાનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહીં કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની ત્રીજીતરફવાળાનાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૨.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ ફલેટની લગોલગની દીવાલો જે-તે ફલેટના માલીક, કબજેદાર સાથે સહીયારી સહમાલીકીની ગણાશે અને સદર દીવાલોના રીપેરીંગ રીકન્સ્ટ્રકશન મેઈનટેનન્સ વિગેરેમાં તમારે જે-તે ફલેટના માલીક, કબજેદાર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ ભોગવવાની રહેશે.

૧૩.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના સ્ટ્રકચરમાં તેમજ બહારની દિવાલોમાં તમો એકતરફવાળાએ કોઈ ફેરફાર કરવાના નથી તેમજ સદર આખા બિલ્ડીંગનુ બહારનુ એલીવેશન બગડે તેવુ કોઈપણ કૃત્ય તમો એકતરફવાળાએ કરવાના નથી તેમજ સદર એલોટ કરેલ મીલકતનો ઉપયોગ અન્ય પ્રીમાઈસીસના માલીક કબજેદારોને હરકત કે અંતરાયરૂપ કે ન્યુસન્સરૂપ થાય તે રીતે તમો એકતરફવાળાએ કરવાનો નથી તેમજ સદર મીલકતમાં તમો એકતરફવાળાએ કોઈ કાયદા વિરૂધ્ધની પ્રવૃત્તિ કરવાની નથી.

૧૪.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં તમામ ફલેટો અંગે જે સીડી, પેસેજ, લીફટ, માર્જીન મુકવામાં આવેલ છે તે સીડી, પેસેજ, લીફટ, માર્જીનનો તમારે અન્ય ફલેટના માલીક કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર સીડી, પેસેજ, લીફટ, માર્જીનની સાફસુફી વિગેરે અંગેના ખર્ચમાં તેમજ તેના મેઈનટેનન્સ રીપેર્સ રીકન્સ્ટ્રકશન વિગેરે અંગેના ખર્ચમાં તમારે હરહંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે અને સદર સીડી, પેસેજ, માર્જીનમાં ભવિષ્યમાં તમારે કોઈ માલ સામાન મુકવાનો નથી કે કોઈ દબાણ કરવાનું નથી તેમજ સદર સીડી,

પેસેજમાં ભવિષ્યમાં જે લાઈટો મુકવામાં આવે તેના તથા લીફટના ઈલેકટ્રીક બરનીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં પણ તમારે હર હંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે તેમજ સદર યોજનામાં આવેલ કોમન ફેસીલીટીઝ અને કોમન એમીનીટીઝનો તમારે સદર યોજનાના તમામ ફલેટોના માલીક, કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં મુકવામાં આવેલ લીફટનો તમો એકતરફવાળા ઉપયોગ કરો કે ના કરો તો પણ સદર લીફટના મેઈનટેનન્સ, રીપેર્સ વિગેરે અંગેના ખર્ચમાં તથા લીફટના ઈલેકટ્રીક બર્નીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં તમો એકતરફ વાળાએ હર હંમેશ સરખે હીસ્સે રકમ આપવાની રહેશે.

૧૫.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં પાણી અંગે જે અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ વોટરટેન્ક બનાવવામાં આવેલ છે તેનો તમારે તમામ ફલેટ હોલ્ડરો સાથે સહીયારે ઉપયોગ કરવાનો રહેશે તેમજ પાણી અંગે જે બોર બનાવવામાં આવેલ છે તેનો પણ તમારે તમામ ફલેટ હોલ્ડરો સાથે સહીયારે ઉપયોગ કરવાનો રહેશે અને પાણી અંગેની ઈલેકટ્રીક મોટરના બરનીંગમાં તથા રીપેરીંગમાં વીગેરેમાં તેમજ બોરના રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચમાં તમારે અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે તેમજ સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં ઈલેકટ્રીક સબ-સ્ટેશન મુકવા અંગે રજીસ્ટર્ડ દસ્તાવેજથી ટોરેન્ટ પાવર લિમિટેડની તરફેણમાં ભાડાપટ્ટનો લેખ આપેલ છે જે લેખ એકતરફ વાળા કબુલ રાખે છે.

૧૬.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં ગ્રાઉન્ડ ફલોર (હોલો પ્લીન્થ) માં જે પાર્કિંગ સ્પેસ રાખવામાં આવે તે પાર્કિંગ સ્પેસનો તમો એકતરફવાળાએ સદર સ્કીમના તમામ સભ્યો સાથે સહીયારે સમજુતીથી હર હંમેશ ખુલ્લા પાર્કિંગ તરીકે ઉપયોગ કરવાનો રહેશે તેમજ સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં રાખવામાં આવેલ માર્જીનની જમીનમાં થઈને તમોને હર હંમેશ વાહન વિગેરે સહીત જવા આવવાના ચાલ નીકાલના હકકો રહેશે તેમજ સદર સહીયારી માર્જીનની જમીનમાંથી તમોને નળ ગટરના પાઈપો તથા ઈલેકટ્રીક ટેલીફોનના દોરડા કેબલ વીગેરે લેવાનો હકક રહેશે.

૧૭.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં ટોપ ફલોરની ઉપરનુ ટેરેસ તથા લીફટ રૂમ અને ફોયરની ઉપરનુ ટેરેસ એટલે કે ધાબુ તમો એકતરફવાળાને તમામ ફલેટ હોલ્ડર સાથે ખુલ્લા ટેરેસ તરીકે ભવિષ્યમાં સહીયારે વાપર ઉપયોગ કરવાનો હકક રહેશે.

૧૮.. સદર એલોટ કરેલ ફલેટનો તમો એકતરફવાળાએ હર હંમેશ ફકત રહેઠાણ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એટલે કે સદર એલોટ કરેલ ફલેટનો ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગ કરવાનો નથી તેમજ સ્ટુડન્ટસને પેઈન્ગ ગેસ્ટ તરીકે રહેવા માટે પણ આપી શકાશે નહીં અને સદર મીલકતનો વાણિજય, વેપાર કે વ્યવસાયઅર્થે ઉપયોગ કરી શકાશે નહીં એ શરત મુખ્ય છે અને રહેશે અને સદર ફલેટ નંબર- .... વાળી મીલકતનો ગેરકાનુની કે ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ભવિષ્યમાં વાપર ઉપયોગ કરી શકાશે નહીં કે તેવી વ્યક્તિને વાપરવા સોંપી શકાશે નહીં.

૧૯.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં તમો એકતરફવાળાને એલોટ કરેલ ફલેટ અંગે ભવિષ્યમાં કુદરતી આફતો, ધરતીકંપ તથા અન્ય પરિબળો હેઠળ ઈન્સ્યોરન્સ લેવા અંગેની તમામ જવાબદારી તમો એકતરફવાળાની છે અને રહેશે અને આ અંગે અમો બીજીતરફવાળા કે ત્રીજીતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૨૦.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં જે લીફટ મુકવામાં આવે, તે લીફટ વાપરવા અંગેનુ જરૂરી લાયસન્સ અમો ત્રીજીતરફવાળાએ મેળવી આપવાનુ રહેશે તેમજ સદર લાયસન્સ મેળવ્યાની તારીખથી એક વર્ષનો મેઈનટેનન્સ અંગેનો કોન્ટ્રાકટ ત્રીજીતરફવાળાએ કરાવી આપવાનો રહેશે પરંતુ ભવિષ્યમાં મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ રીન્યુ કરાવવાની જવાબદારી સદર યોજનાના તમામ સભ્યોની સહીયારી રહેશે આમ સદર લીફટ અંગેનો મેઈનટેનન્સ કોન્ટ્રાકટ ભવિષ્યમાં રીન્યુ કરાવવાની અમો ત્રીજીતરફવાળાની કોઈ જવાબદારી નથી તેમજ સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં પ્રવર્તમાન નિયમો અનુસાર ફાયર સેફટી તથા અગ્નિશામક (Fire Extinguishers) અંગેના જરૂરી અલગ અલગ લાયસન્સ ત્રીજીતરફ વાળાએ મેળવી આપવાનુ રહેશે તેમજ સદર લાયસન્સ મેળવ્યાની તારીખથી એક વર્ષનો મેઈનટેનન્સ અંગેનો કોન્ટ્રાકટ ત્રીજીતરફવાળાએ કરાવી આપવાનો રહેશે પરંતુ ભવિષ્યમાં સદર કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા અંગે જે કાંઈ ખર્ચ થાય તેમાં તમો એકતરફવાળાએ અન્ય ફલેટ હોલ્ડરો સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ ભોગવવાની રહેશે.

૨૧.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" માં ટોપ ફલોરના ટેરેસમાં સોલાર પેનલ તથા ગ્રાઉન્ડ ફલોરમાં પરકોલેટીંગ વેલની સગવડ ત્રીજીતરફવાળા કરેલ છે, તે પેનલ તથા પરકોલેટીંગ વેલ ભવિષ્યમાં મેન્ટેન કરવા તથા તેના રીપેરીંગ, રીકન્સ્ટ્રકશન વિગેરે અંગેના ખર્ચ તમો એકતરફવાળાએ તથા એસોસીએશનના અન્ય ફલેટ હોલ્ડરોએ સરખે હીસ્સે ભોગવવાનુ રહેશે.

૨૨.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ની આખી જમીનમાં હાલમાં ટોરેન્ટ પાવર લિમિટેડ મારફતે અન્ડરગ્રાઉન્ડ ઈલેકટ્રીકના કેબલો જે રીતે નાંખવામાં આવેલા છે તે જ રીતે હર હંમેશ તમો એકતરફવાળાએ તથા અન્ય ફલેટ હોલ્ડરોએ રાખવાના રહેશે અને ભવિષ્યમાં તેવા કેબલોના રીપેરીંગ, મેઈન્ટેનન્સ, રીપ્લેશમેન્ટ વિગેરે અંગે સદર આખી જમીનના કોઈપણ ભાગમાં ટોરેન્ટ પાવર લિમિટેડ વતી તેના અધિકૃત વ્યક્તિઓ ડ્રીલીંગથી કે અન્ય રીતે જરૂરી તોડ-ફોડ કરી શકશે અને ત્યારબાદ તેવી તોડ-ફોડના રીપેરીંગ વિગેરે અંગે તમો એકતરફવાળાએ અન્ય ફલેટ હોલ્ડરો સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે અને ઉપરોકત બાબતે તમો એકતરફવાળાની મુક્ત સંમતી હોવાની ગણાશે.

૨૩.. સદર એલોટ કરેલ મીલકત અંગે નાંખવામાં આવેલ નળ ગટરના પાઈપો, ઈલેકટ્રીક ટેલીફોનના કેબલો વીગેરે ભવિષ્યમાં રીપેરીંગ કરાવતી વખતે તેવા પાઈપો તથા કેબલોને કાંઈપણ નુકશાન થાય તો તમો એકતરફવાળાએ તમારા ખર્ચે હાલમાં જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં જોડાણ કરી આપવાના રહેશે.

૨૪.. સદર ફલેટ નંબર-....... વાળી મીલકત અંગે ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં આ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ તમોને વગર વહેંચાયેલ હકક હીસ્સો રહેશે અને સદર આખી મીલકતની જમીન વહેંચી ના શકાય તે રીતેની હોવાની ગણાશે અને સદર આખી મીલકત "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાશે અને તે નામમાં તમો ફેરફાર કરી શકશો નહીં અને ભવિષ્યમાં સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત તમો એકતરફવાળા કોઈપણ વ્યક્તિને વેચાણ ટ્રાન્સફર કરો તો તેવા વેચાણ લેનારે પણ ઉપરોકત તમામ શરતોનુ પાલન કરવાનુ રહેશે અને એ રીતેના ઉપરોકત હકકો તથા જવાબદારીઓ સહીતની સદર ફલેટ નંબર-...... વાળી મીલકત અમોએ તમો એકતરફવાળાને એલોટ કરેલ છે અને ઉપરોકત હકકોની કિંમતનો સમાવેશ ઉપરોકત કિંમતમાં થઈ ગયેલ છે.

૨૫.. આજરોજથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના તમો એકતરફ-વાળા મજકુર એસોસીએશનના ધારાધોરણ મુજબ કુલ સ્વતંત્ર માલીક થયા છો.

૨૬.. હવેથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના ઉપર અમારો કે અમારા વંશ, વાલી વારસોનો કે અમારા કરજદાર, હીસ્સેદાર વિગેરે કોઈનો કોઈપણ પ્રકારનો દર, દાવો, અલાખો, લાગભાગ, કે હકક, હીસ્સો વિગેરે રહ્યો નથી અને કોઈ કરતુ આવે તો તે આથી રદ છે.

૨૭.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત મજકુર એસોસીએશનના ધારા ધોરણ મુજબ ચાંદો, સુરજ તપે ત્યાં સુધી તમો તમારા વંશ, વાલી વારસો સુખેથી વાપરો, ભોગવો વેચો, સાટો અગર તમો તમારૂ દિલ ચાહે તેમ ઉપયોગ કરો.

૨૮.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે જે કાંઈ ટેક્ષો ભરવાના આવે તે તમો એકતરફવાળાએ ભરવાના છે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે મજકુર એસોસીએશન તરફથી વખતો વખત મેઈન્ટેનન્સ અંગે વહીવટી ખર્ચ તરીકે દર મહિને જે કાંઈ રકમ ઉઘરાવવામાં આવે તે પણ તમો એકતરફવાળાએ ચુકવવાની રહેશે.

૨૯.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત મ્યુ.રેકર્ડ, સરકારી રેકર્ડ, ઈલેકટ્રીસિટી કું. રેકર્ડ તથા અન્ય જરૂરી રેકર્ડમાં તમો તમારા નામે ટ્રાન્સફર કરાવી લેશો.

૩૦.. આ દસ્તાવેજનુ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફીનુ તમામ ખર્ચ તમો એકતરફ-વાળાએ ભોગવેલ છે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે મજકુર એસોસીએશન તરફથી મેઈન્ટેનન્સ ડીપોઝીટ તરીકે જે કાંઈ રકમ ઉઘરાવવામાં આવે તે તમો એકતરફવાળાએ મજકુર એસોસીએશનમાં જુદી ચુકવવાની રહેશે.

૩૧.. બીજીતરફવાળા-એસોસીએશને અગાઉ પોતાના સભાસદોને શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે અને તેવા શેર સર્ટીફીકેટની માન્યતા ચાલુ રાખીને મજકુર એસોસીએશનમાં વધારાના તમામ ફલેટો અંગે દરેક ફલેટ દીઠ એક શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે આમ ભવિષ્યમાં તમો એકતરફવાળાના નામે સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે જરૂરી શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.

૩૨.. આ ખતના અવેજના રૂપિયા પહોંચ્યાની વિગત જે.....

રૂા. અંકે રૂપિયા પુરાનો ચેક નંબર-
નો તારીખ- / /૨૦૨૩ નો
શાખાનો ત્રીજીતરફ
વાળાએ એકતરફવાળા પાસેથી લીધો છે તે અમોએ તમોને
આ દસ્તાવેજમાં મજરે આપેલ છે.

રૂા. અંકે રૂપિયા પુરાનો ચેક નંબર-
નો તારીખ- / /૨૦૨૩ નો
શાખાનો ત્રીજીતરફ
વાળાએ એકતરફવાળા પાસેથી લીધો છે તે અમોએ તમોને
આ દસ્તાવેજમાં મજરે આપેલ છે.

એ રીતે આ ખતના અવેજના રૂા. અંકે રૂપિયા
પુરા અમોને ઉપરની વિગતે પહોંચ્યા છે.

૩૩.. સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમો એકતરફ વાળાએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને તે અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક ત્રીજીતરફવાળા મારફતે આપવામાં આવેલ અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી અને આથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત તમોએ રાખેલ છે તેમજ સદર યોજના

અંગે બાંધકામ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે.

૩૪.. આ લેખની કોઈપણ શરત બાબતે આપણ ત્રણેયતરફવાળા વચ્ચે મતભેદ ઉપસ્થિત થાય તો આપણ ત્રણેયતરફવાળાએ અરસ-પરસની સમજુતીથી તેનો નીકાલ લાવવાનો રહેશે અને તેમ છતા જો આપણ ત્રણેયતરફવાળા વચ્ચે અરસ-પરસ સમજુતીથી તેનો નીકાલ ના આવે તો તેવા સંજોગોમાં રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ અન્વયેના અધિકારી મારફતે તેનો નીકાલ લાવવાનો રહેશે.

૩૫.. આ લેખની કોઈપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિન અમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ લેખના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ્દ થયેલી ગણાશે આ લેખની બાકીની જોગવાઇઓ આ લેખના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૩૬.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાતી યોજનાની રીયલ

એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ-૫ ની જોગવાઈ મુજબ તારીખ- / /૨૦૨૩ ના રોજ No. .... થી નોંધણી કરાવેલ છે.

૩૭.. આ લેખની કોઈપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિન અમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ લેખના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ્દ થયેલી ગણાશે આ કરારની બાકીની જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૩૮.. સદરહુ "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ની તમામ કોમન મીલકત, કોમન સગવડો તથા કોમન એમીનીટીઝનો તમો એકતરફવાળાએ સદરહુ સ્કીમના અન્ય ફલેટ હોલ્ડર સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને તેવી કોમન મીલકતોમાં કોઈપણ પ્રકારના સ્વતંત્ર હક્ક માંગવા કે મેળવવા એકતરફવાળા હક્કદાર રહેશે નહિં.

૩૯.. સદર "વિશ્રાંતી એપાર્ટમેન્ટ" ના બાંધકામ અંગે બી.યુ. પરમીશન મળી જાય ત્યારબાદ સદર યોજનાની રૂઈએ જે કાંઈ વધારાની એફ.એસ.આઈ. બાકી

રહેલ હોય તેના ઉપર ત્રીજીતરફવાળાના કોઈપણ હક્ક હીસ્સા રહેશે નહિં અને તેવા તમામ હક્કો બીજીતરફવાળા-એસોસીએશનના ગણાશે.

આ એલોટમેન્ટનો દસ્તાવેજ આપણ ત્રણેયતરફવાળાએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી કરેલ છે તે આપણ ત્રણેયતરફવાળાને તથા આપણ ત્રણેયતરફવાળાના વંશ, વાલી વારસોને કબુલ મંજુર સહી છે.

<u>પરિશિષ્ટ</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકે ઘાટલોડિયાના અમદાવાદ-૯ (બોપલ વિભાગ) ના મોજે થલતેજની સીમના ગામ નમુના નંબર-૭/૧૨ ના ઉતારા મુજબ રેવન્યુ સર્વે નંબર-૮ પૈકી ૧૨, ચોરસમીટર-૫૦૨ વાળી મીલકત કે જેનો ખાતા નંબર-૯૫૬ ચાલે છે અને સદર મીલકતનો થલતેજ ટી.પી. સ્કીમ નંબર-૩૮ ની રૂઈએ ફાઈનલ પ્લોટ નંબર-૨૦, ચોરસમીટર-૪૮૪ ફાળવવામાં આવેલ છે તેવી જમીનમાં આવેલ ‘‘વિશ્રાંતી એપાર્ટમેન્ટ’’ ના નામથી ઓળખાતી યોજના પૈકી પીલર ઉપરનો ...... ફલોરનો ફલેટ નંબર-......, ચોરસમીટર-૧૦૬-૬૨ ફલેટનો રેરા કાર્પેટ એરીયા અને ચોરસમીટર-૮-૩૪ બાલ્કની તથા વોશ એરીયાના બાંધકામવાળી મીલકત તથા ઉપર પેરા-૧ મા જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૧૪ મા ભાગનો હકક હીસ્સો એ રીતેની મીલકત વિશ્રાંતી એસોસીએશનના સભાસદ તરીકે તમો એકતરફવાળાને આથી એલોટ કરેલ છે.

ફલેટ નંબર-....... વાળી મીલકતના ખુંટચારની વિગત.....

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી મીલકત અસલ હદ હક્કો મુજબની તમામ.

આજરોજ તારીખ- માહે- સને-૨૦૨૩ ના દિને.

અત્રે--------------------------------મતુ અત્રે-----------------શાખ.

લખી આપનારની સહી. ---------------------

વિશ્રાંતી એસોસીએશન, ની વતી
અને તરફથી તેના. ---------------------

ચેરમેન :- ______________________

સેક્રેટરી :- ______________________

કન્ફરમીંગપાર્ટીની સહી.
વાસુપૂજય ઈન્ફ્રા, એ નામની ભાગીદારી
પેઢીની વતી તેના વહીવટકર્તા ભાગીદાર-

લખાવી લેનારની સહી.